# વડોદરામાં જળબંબાકાર : વિશ્વામિત્રી ગાંડીતુર

## વિશ્વામિત્રી નદીના પાણી શહેરમાં ઘુસતા જળબંબાકારની સ્થિતિ : વિશ્વામિત્રી નદીમાં પાણીની સપાટી ૨૮.૬ ફૂટ સ્કૂલ કોલેજોને બંધ રાખવાનો આદેશ : સ્થિતિને પહોંચી વળવા આર્મી એલર્ટ : મુખ્યમંત્રીની સમીક્ષા મિટિંગ

વડોદરા,તા. ૯ ગુજરાતના વડોદરા શહેર ઉપર પુરનું સંકટ તોળાઈ ગયું છે જેના પરિણામ સ્વરુપે નિચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત રીતે ખસેડી દેવામાં આવ્યા છે. વિશ્વામિત્રી નદી ગાંડીતુર બની છે જેના કારણે તંત્ર સાબદુ કરવામાં આવ્યું છે. સાથેસાથે આર્મીને પણ એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. વડોદરામાં પુરની સ્થિતિને પહોંચી વળવા માટે આર્મીને એલર્ટ કરવામાં આવી છે. ગુજરાતના ૨૭થી વધુ રસ્તાઓને બંધ કરવામાં આવ્યા છે. ૧૨૫ ગામોમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો છે. વિશ્વામિત્રી નદીના પાણી શહેરમાં ઘુસી ગયા છે. ૫૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવી ચુક્યું છે. વિશ્વામિત્રી નદી ભયજનક સપાટીએ પહોંચી છે તેમાં પાણીની સપાટી ૨૮.૬ ફૂટ સુધી પહોંચી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ ઇંચથી પણ વધુ વરસાદ થયો છે. તમામ સ્કૂલ અને કોલેજો બંધ રાખવાના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. શહેરમાં પાણી ઘુસી જતાં જનજીવન સંપૂર્ણપણે ઠપ થઇ ગયું છે. વિશ્વામિત્રી નદીની સપાટી ઉપર નજર રાખવામાં આવી રહી છે. નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થયા છે. દભોઇ તાલુકાના નવ ગામના લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે. વિશ્વામિત્રીની સપાટી હજુ પણ સતત વધી રહી છે. વડોદરા શહેર અને જિલ્લા અને ઉપરવાસમાં ભારે વરસાદની અસર થઇ છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૯ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૪, બુધવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા વહીવટી તંત્રને એલર્ટ



ગાંધીનગર, તા.૯ રાજયમાં અતિથી અતિ ભારે વરસાદ થવાની હવામાન વિભાગે આપેલ આગાહીને પગલે જિલ્લા તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે અને દરેક અધિકારીને કર્મચારીને ફરજનું મુખ્ય સ્થળ પૂર્વ મંજુરી વિના નહિ છોડવાની તાકીદ કરવામાં આવી છે.

છેલ્લા બે દિવસથી રાજયભરમાં વરસાદી માહોલ છવાયો છે અને હજુ આગામી ૨૪ કલાકમાં અતિથી અતિ ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ગાંધીનગર જિલ્લામાં આમેય સાર્વત્રિક વરસાદ થઈ રહ્યો છે અને દરેક તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ થી ૫ પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં થઈ રહેલા સારા વરસાદને પગલે નદી તળાવોમાં પાણીની આવકમાં સારો એવો વધારો થયો છે.

આ સારા વરસાદને પગલે ભૂજળના સ્તર પણ ઉંચે આવી રહ્યા છે. ખેતીને પણ સમયસરનો વરસાદ મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સિઝનનો ૮૬ ટકા જેટલો વરસાદ અત્યાર સુધીમાં થઈ જવા પામ્યો છે. સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ થયો છે આ પછી બીજા ક્રમે માણસા તાલુકો આવે છે જયાં ૯૯ ટકા વરસાદ નોંધાયો છે. ગાંધીનગરમાં ૭૪ ટકા અને દહેગામમાં ૬૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

મળતા અહેવાલોને પગલે જિલ્લાના ઘણા ગ્રામ્ય વિસ્તારના તળાવો છલોછલ થઈ જવા પામ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

**હવામાન ખાતાએ ૨૪ કલામાં અતિથી અતિ ભારે વરસાદની આગાહી કરી : સાર્વત્રિક વરસાદ : ખારી નદી બે કાંઠે વહેતાં ડભોડામાં પાણીના વધામણા કરાયા : છેલ્લા ચોવીસ કલાકમાં માણસામાં પાંચ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો**

# ગાંધીનગર શહેરમાં ચાર ઈંચ વરસાદ

## મેઘાવી માહોલ વચ્ચે મેઘરાજાનો આક્રમક મિજાજ યથાવત : જિલ્લામાં સીઝનનો સરેરાશ વરસાદ ૮૬.૦૩ ટકા : સાર્વત્રિક વરસાદથી ઠંડક : સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૯ ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી મેઘાવી માહોલ યથાવત છે. નવરાત્રીના આગમન પૂર્વે રોજ રાત્રિના વરસાદી રમઝટ જામે છે. ઘટાટોપ વાદળોના ઘેરાવા સાથે વરસતા વરસાદથી સાર્વત્રિક ઠંડક પ્રસરતા મેઘાવી મોસમનો મિજાજ નિખર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગતરાત્રિના વરસાદની તોફાની ઈનિંગ્સના લીધે શહેરના મેદાનો વરસાદી પાણીથી ઉભરાઈ ગયા હતા. સેક્ટરો વરસાદી પાણીમાં ઘમરોળાતા ચોમેર પાણી-પાણી થઈ ગયુ હતું. જ્યારે આજે દિવસ દરમિયાન પણ વાદળિયા વાતાવરણ વચ્ચે રીમજીમ વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સીઝનનો સરેરાશ ૮૬ ટકા વરસાદ થઈ ચુક્યો છે. સાબરમતી નદી પણ બે કાંઠે વહેતી નજરે પડી હતી.

સમગ્ર રાજયમાં મેઘાવી માહોલ છવાયેલો છે, જયારે ગાંધીનગર જિલ્લામાં પણ શ્રીકાર વરસાદથી ઠંડક પ્રસરી છે. છેલ્લા એક સપ્તાહથી રોજબરોજ વરસતા વરસાદના લીધે જિલ્લામાં સરેરાશ વરસાદની દૃષ્ટિએ ચોમાસુ ફેવરેબલ નિવડ્યું છે. સોમવારે રાત્રિના પણ ફરી એકવાર મેઘરાજા આક્રમક મુડમાં જોવા મળ્યા હતા. રાત્રિના સમયે ધોધમાર વરસતા વરસાદના લીધે ચોમેર પાણી-પાણી થઈ ગયું હતું. શહેરના મુખ્યમાર્ગો ઉપરાંત સેક્ટરોના આંતરિક રસ્તાઓ ઉપર વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો હતો. જ્યારે સેકટરોમાં સ્થિતિ કોમન પ્લોટમાં પણ વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડ્યું હતું. કેટલાક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થઈ ગયા હતા. હળવા વિરામ બાદ આક્રમક બનેલા મેઘરાજાએ સર્વત્ર પાણી-પાણી કરી દીધુ હતુ. રાત્રિના ૯૬ મી.મી. વરસાદ વરસ્યો હતો. જ્યારે આજે દિવસ દરમિયાન પણ ૪ મી.મી. પાણી ટપક્યું હતું. જ્યારે મોડી સાંજે ફરી વરસાદ વરસવાનું શરૂ થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# શહીદ જવાન મુકેશ ડામોરની ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધી

## કાશ્મીરમાં હિમશિલા પડતાં દટાઈ ગયેલ જવાનના માદરે વતન અરવલ્લીના મોટા કંથારીયામાં શહિદની અંતિમ યાત્રામાં હજારો લોકો ઉમટયા

મોડાસા તા.૯ અરવલ્લી જીલ્લાના શામળાજી પંથકના મોટા કંથારીયાનો લશ્કરી જવાન પોતાની ફરજ દરમ્યાન કાશ્મીરમાં ભારે વરસાદ દરમ્યાન હિમશિલા પડતા તેની નીચે દટાઈ જવાથી શહીદ થયો હતો. જેથી આ શહીદ જવાનનો મૃતદેહ આજે મોટા કંથારીયા ખાતે લાવવામાં આવ્યો હતો. શહીદ જવાનનો મૃતદેહ આજે માદરે વતન ખાતે લાવવાની વાત આજુબાજુ ના પંથકમાં પ્રસરતા મૃતક ની અંતીમ યાત્રામાં હજારો ની સંખ્યામાં લોકો જોડાયા હતા.





(તસવીર-અહેવાલ : સમીર બલોચ / જીતેન્દ્ર પટેલ)

દેશની સરહદો ની રખેવાડી કરવા આપણા દેશના જવાનો ગમે તેવી ઠંડી ગરમી કે વરસાદ હોય પરંતુ દુશ્મનની ગતિવિધી ઉપર બાજનજર રાખી મા ભોમની રક્ષા કરતા હોય છે દરેક સમયે મોતને કફન બનાવી અને પોતાના જીવની પરવા કર્યા વગર આપણા દેશનો જવાન આપણા દેશની સુરક્ષા કરવા માટે ખડે પગે

● અનુસંધાન પાન-૭ પર

